# ધી ફેસિયલ સર્જરી

## ઓરલ અને મેક્ઝીલોફેસિયલ સર્જીકલ હોસ્પીટલ

**THE FACIAL SURGERY**

## ડૉ. કૌશિક પેથાણી

MDS, DNB, MOMS RCPS (UK)
Oral & Maxillofacial Surgeon
(Gujarat University First)
**મ્હો, ચહેરા તથા જડબાની સર્જરીના નિષ્ણાંત**
(ગુજરાત યુનિવર્સિટી પ્રથમ)

**તમાકુ, ગુટકા કે મસાલા થી મોઢું બંધ થવાનો રોગ એટલે SMF...**
**વ્યસન થી કેન્સર તરફ લઈ જતો રોગ એટલે SMF...**

ત્રીજો માળ, હીરા કોમ્પલેક્ષ, મનહર પ્લોટ-૫,
વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
ફોન : ૦૨૮૧-૨૪૬૩૪૦૫

★ તમાકુ, ગુટકા, મસાલા, સોપારી વગેરેનાં સેવનથી SMF થઈ શકે છે જેમાં મોઢું બંધ થઈ જવું, મોઢામાં ચાંદા પડવા વગેરે જેવી સમસ્યાઓ થાય છે, જે આગળ જતા કેન્સરને આમંત્રણ આપે છે. અત્યારે ૧૦ માંથી ૬ માણસને SMF ની તકલીફ છે, અને માત્ર પુરૂષોમાં જ નહિ મહિલાઓમાં પણ આ રોગનું પ્રમાણ વધતું જોવા મળે છે. તો ચાલો આ રોગ વિશે જાણીએ અને તેને અટકાવવાના અને રોગ હોય તો સમયસર સારવાર વિશે માહિતી મેળવીએ.

★ **લક્ષણો :-**

★ SMF એટલે ઓરલ સબમ્યુકસ ફાઈબ્રોસીસ (ORAL SUBMUCOUS FIBROSIS) અથવા લાંબા ગાળાનાં સોપારી, મસાલા કે તમાકુનાં સેવનથી આવતું ચામડીનું રીએકશન. આ પ્રકારનાં રીએકશનમાં ફાઈબર જમા થવાથી તેમની સ્થુળતા વધે છે, અને માંસપેશીઓ કડક થવા માંડે છે. પરિણામે ગલોફાનો ભાગ નોર્મલી ફુલાઈ શકતો નથી અને સમય જતા ગાલમાં પણ ખાડા પડવા માંડે છે, થોડા સમય પછી મોં ખુલવાનું પ્રમાણ ક્રમશઃ ઘટતું જતા મોં બંધ થવા લાગે છે.

★ અતિ લાંબા ગાળાનું વ્યસન ધરાવનાર દર્દીઓને જીભ બહાર કાઢવામાં મુશ્કેલી પડે છે, આ ઉપરાંત બોલતી વખતે અવાજ નાકમાંથી આવવા માંડે છે. કયારેક ખોરાકનો સ્વાદ પણ બરાબર આવતો નથી.

★ આ રોગ માટે જવાબદાર સોપારી, ચુનો, કાથો કે તમાકુનું સેવન જ છે. પાન, ફાકી, માવો, ગુટકા, સોપારી, તમાકુ, ચુનો વગેરે વસ્તુઓ ખાવાથી કે મોંમા રાખવાથી જ આ પ્રકારનાં ચામડીનાં ફેરફાર થાય છે, અને પછી લાંબા ગાળે ચામડીમાં રીએકશન આવવાનું શરૂ થાય છે. દર્દીની તાસીર, વીટામીનની ખામી તેમજ તેમનો ખોરાક પણ આડકતરી રીતે ભાગ ભજવે છે. મહિલાઓમાં પણ સોપારી, ગુટકા ખાવાને લીધે આ રોગ ઓછી સમય માત્રામાં જ લાગુ પડી જાય છે.

★ SMF લાંબા ગાળે થતો રોગ હોવાથી શરૂઆતનાં લક્ષણો વિશે દર્દીને ઘણી વાર ખ્યાલ આવતો નથી. નાની - મોટી તકલીફો વ્યસનનાં પ્રભાવથી દબાઈ જતી હોવાથી મોટા ભાગનાં દર્દીઓને તો મોં બંધ થઈ જાય કે ગાંઠ કે કેન્સર થઈ જાય ત્યાં સુધી ખ્યાલ આવતો નથી.

★ શરૂઆતનાં લક્ષણોમાં તીખો ખોરાક ખાઈ ન શકવો, ગરમ વસ્તુ ખાઈ ન શકવી, તાળવા કે ગલોફામાં પાણી ભરાયેલી ફોડકી થાય જે ફુટતા ચાંદામાં પરિણમે છે, મોં ની અંદરની ચામડી જે નોર્મલી લાલ કે ગુલાબી હોય છે. તે સફેદ કે ફિક્કી પડવા માંડે છે, વારંવાર હોઠ કે ગલોફામાં ચાંદા પડે છે, વગેરેનો સમાવેશ થાય છે. આ બધી તકલીફોથી દર્દી ધીમે - ધીમે ટેવાતો જાય છે, અને માનસિક રીતે તેને અવગણી દે છે.

★ આગળ વ્યસન ચાલુ રાખતા મોં બંધ થવા માંડે છે, ગલોફામાં દોરડા જેવા ઊભા બેન્ડ દેખાય છે, ગલોફામાં દાંત ઘસાવાથી ચાંદા તેમજ ગાંઠ પડી જાય છે, ડહાપણ દાઢ અથવા તો છેલ્લી દાઢની આજુ - બાજુ પેઢુ ગંધાય જાય છે, કાનમાં ધાક પડે છે, હોઠ સુકા થઈ કડક થઈ જાય છે અને ગાલની બહારથી ખાડા દેખાવા માંડે છે, જીભ બહાર નીકળતી ઓછી થઈ જાય છે, મોં ઓછુ ખુલવાને લીધે દાંતમાં બરાબર બ્રશ કરી શકાતુ નથી, આના કારણે દાંતમાં સડો થાય છે, તથા પેઢાનાં રોગો લાગુ પડે છે, ગાલની કડક થઈ ગયેલી ચામડીમાં ડહાપણ દાઢ ઘસાવાથી ત્યાં વારંવાર ચાંદા પડે છે, જે ઘણી વખત ન રુઝાતા કેન્સરનાં ચાંદામાં પરિણમે છે. લાંબા ગાળાનાં આવા વ્યસનથી પેટનાં રોગો જેવા કે એસીડીટી, અપચો કે કબજીયાત રહે છે.

★ **નિદાન :-**

★ ૩ થી ૭.૬% SMF નાં દર્દીમાં કેન્સર જોવા મળે છે, જેની તપાસ જડબાનાં સર્જન કરી આપે છે. સામાન્ય રીતે SMFનું નિદાન દર્દીને તપાસવાથી જ થઈ જાય છે. આ ઉપરાંત દર્દીનાં મોંની અંદરની તપાસ કરી રીએકશન વાળી ચામડીનો ટુકડો (BIOPSY) લઈ લેબોરેટરીમાં મોકલવાથી પાકો રીપોર્ટ મળી શકે છે. આ જ રીપોર્ટથી મોઢાનું કેન્સર છે કે નહીં તે પણ જાણી શકાય છે.

★ **સારવાર :-**

★ SMF ની સારવાર બે રીતે કરવામાં આવે છે. (૧) નોન સર્જીકલ સારવાર (૨) સર્જીકલ સારવાર

★ નોન સર્જીકલ સારવારમાં દર્દીએ પહેલા તમામ પ્રકારનાં વ્યસન જેવા કે સોપારી, કાથો, ચુનો, તમાકુ વગેરેનો સદંતર ત્યાગ કરવાનો હોય છે. જે લોકોમાં વીટામીનની ઉણપ હોય છે, અને જે લોકો સામાન્ય ખોરાક પૂરતા પ્રમાણમાં ન લઈ શકતા હોય, તેમને વીટામીન સપ્લીમેન્ટ આપવામાં આવે છે. મોં ની અંદર ચામડીમાં યોગ્ય પેસ્ટ લગાવવાથી ચાંદા ઓછા થઈ જાય છે, જેથી તેની બળતરા પણ ઓછી થાય છે, મોં ની અંદર ચામડીમાં ઈન્જેકશન આપવાથી પણ બળતરા ઓછી થાય છે, અને અમુક દર્દીને મોઢું ખોલવામાં પણ ફાયદો થાય છે, દાંતના ડોકટર પાસે દાંત સાફ કરાવી લેવાથી તેમના પર રહેલા સોપારી તથા તમાકુના થર દુર થઈ જાય છે, અને મોંની અંદરની ચોખ્ખાઈ પણ સુધરે છે, મોં ખોલવાની કસરત નિયમિત રીતે ઓછામાં ઓછી ૪-૬ મહિના સુધી કરવામાં આવતા મોઢું વધુ ખુલી શકે છે.

★ અમુક દર્દીઓમાં જેમાં રોગ ઘણો આગળ વધી ગયો હોય કે જેમાં નોન - સર્જીકલ સારવારથી સુધારો ન થાય તો તેવા દર્દીમાં સર્જીકલ સારવાર શરુ કરવામાં આવે છે, જેમાં સૌ પ્રથમ છેલ્લી ડહાપણની દાઢ જો ચામડીમાં ઘસાતી હોય અથવા તો તેનાં લીધે ચાંદા પડતા હોય તો તેને એનેસ્થેસિયા આપી કાઢી નાખવામાં આવેછે, આ યોગ્ય ડહાપણ દાઢ કાઢી નાખવાથી

ગલોફાની પાછળનાં ભાગમાં ચાંદા પડતા બંધ થઈ જાય છે. આ ઉપરાંત મોં ખોલવામાં ૧ થી ૩ સેમી. જેટલો ફાયદો થાય છે. ડહાપણ દાઢની આજુ બાજુનાં ભાગમાં થતા કેન્સરને મહદ અંશે રોકી શકાય છે. જનરલ એનેસ્થેસિયા આપીને ચાર દાઢ એકસાથે કાઢવાથી દર્દીને કોઈપણ પ્રકારનો દુખાવો થતો નથી. ડહાપણ દાઢ કઢાવ્યા પછી તેનો દુખાવો (ડહાપણ દાઢને લીધે થતો) કાયમી માટે મટી જાય છે, તે પછી બ્રશ કરવામાં તથા મોં ચોખ્ખું રાખવામાં અનુકુળતા રહે છે. ડહાપણ દાઢ ખોરાક ચાવવા માટે અગત્યની હોતી નથી, તેથી તેને કાઢી નાખવાથી ખોરાક ચાવવામાં કોઈ જ તકલીફ થતી નથી, વળી તેને કાઢ્યા પછી નવી દાઢ બેસાડવાની પણ જરૂર રહેતી નથી.

- ✯ જો દાઢ કઢાવ્યા પછી વ્યવસ્થિત રીતે કસરત કરવામાં આવે તો મોં ખોલવા માટેની સર્જરીની પણ મોટે ભાગે જરૂર પડતી નથી.
- ✯ જો ઉપરોક્ત સારવારથી મોઢું ના ખુલે તો સર્જીકલ સારવાર થી ૧૦૦ ટકા મોઢું ખુલી શકે છે. ત્રણ રીતે સર્જરી કરી શકાય છે.

(૧) લેસર સર્જરી :-

લેસર સર્જરી વડે ગલોફાની કડક ચામડી કાપી નાખવામાં આવે છે, જેથી મોઢું ખુલી જાય છે. લેસર સર્જરી પછી ગલોફામાં રૂઝ આવે છે, ત્યારે ફરીથી કડક ચામડી આવે તો ફરી પાછું મોઢું બંધ થઈ જવાની શકયતા રહે છે જો કે આવા દર્દીઓમાં ફરી પાછી ફલેપ સર્જરી કરવાથી મોઢું કાયમી ખુલી શકે છે.

(૨) સ્ટીરોઈડ ઈન્જેકશન :-

ગલોફામાં સ્ટીરોઈડનાં ઈન્જેકશન આપવાથી ચામડીની નીચેનો સોજો ઓછો થાય છે, જો કે મોં ખોલવાનો વધુ ફાયદો થતો નથી અને અસર થોડા સમય પુરતી જ મર્યાદિત રહે છે.

(૩) ફલેપ સર્જરી :-


જે દર્દીઓનું મોઢું એક આંગળી કે ઓછું ખુલતું હોય એમના માટેની આ ખુબ જ અસરકારક પદ્ધતિ છે. લેસરથી મોં ખોલવાની સાથે ખુલ્લા ભાગમાં બહારથી ચામડી લઈ ગલોફામાં જોડી દેવામાં આવે છે, આ જીવિત ચામડી અંદર ફેલાઈને કડક ચામડી નાબુદ કરી દે છે અને નરમ હોવાથી મોં ખોલવામાં વધારો કરે છે, વળી ચાંદા પડવાનો કે તીખું ખાવાથી બળતરા થવાનાં પ્રશ્ન દુર થઈ જાય છે, આ એડવાન્સ પ્લાસ્ટિક સર્જરી હોવાથી ચહેરામાં કોઈ ફેરફાર થતો નથી. સમય જતા મોં પુરું ખુલી જાય છે, અને સમાજમાં કે કોઈ પ્રસંગોમાં જમવામાં તકલીફ થતી નથી.

કઈ પધ્ધતીથી સારવાર કરવી એ જડબાનાં સર્જન (Oral & Maxillofacial Surgeon) નક્કી કરે છે જે દર્દીનાં રોગનાં લક્ષણો અને તે રોગ કેટલો આગળ વધી ગયેલો છે તેના પર થી નક્કી થાય છે. આ રોગ સંપૂર્ણ રીતે મટી શકે છે પણ તેને માટે વ્યસન સંપૂર્ણ બંધ કરવાનું મક્કમ મનોબળ અને તૈયારી હોવી જોઈએ.

★ ડો. કૌશિક પેથાણીની હોસ્પિટલમાં SMF ની દરેક જાતની અદ્યતન સારવાર મળે છે. મોઢું બિલકુલ ખુલતું ના હોય તો પણ ૧૦૦% રીઝલ્ટ મળે છે પણ વ્યસન બંધ કરવાની માનસિક તૈયારી હોવી જોઈએ. તો આજે જ વ્યસન ને અલવિદા કહીને મોઢાની આવનારી બીમારીથી બચીએ અને ખરા અર્થમાં કેન્સરને અલવિદા કહીએ.....


## અન્ય ઉપલબ્ધ સારવાર


- ડહાપણ દાઢની સર્જરી :-
- જડબા તથા ચહેરાની ઈજા :-
  આકસ્મિક ઈજાથી તૂટેલા જડબા તથા ચહેરાનાં હાડકાંઓની સારવાર
- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ :-
  જડબામાં કૃત્રિમ દાંત (ઈમ્પ્લાન્ટ) બેસાડવાની સર્જરી
- ગાંઠ :-
  જડબામાં થતી રસોળી તથા ગાંઠની સર્જરી
- મોઢાના કેન્સરનું નિદાન તેમજ સારવાર :-
- ખોડખાંપણ :-
  ખોડખાંપણ વાળા ચહેરા માટેની ઓર્થોગ્નેથીક સર્જરી
- નસનો દુખાવો :-
  મોં તથા ચહેરાનાં દુખાવા તેમજ નસની બીમારીની સારવાર
- દાંતનો ચેપ :-
  દાંતમાંથી જડબામાં પ્રસરેલા ચેપની સારવાર
- જડબાના સાંધાની સારવાર :-
  જડબાના સાંધાની તમામ આધુનિક સારવાર તથા લાળગ્રંથીનાં રોગોની સારવાર



**ઓપરેશન પહેલા**


**ઓપરેશન પછી**






**ઓપરેશન પહેલા**

**ઓપરેશન પછી**





**ઓપરેશન પહેલા**

**ઓપરેશન પછી**

